# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 14-02-2025** **Morning : 7.10 to 7.20**
**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

---

1) **16 ફેબ્રુઆરીનાં રોજ યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનાં પ્રચાર પડઘમ આજે શાંત થશે- 213 બેઠકો બિનહરીફ, 5084 ઉમેદવારો મેદાનમાં.**
2) **સરકારે ગીર રક્ષિત વિસ્તારમાં 21 મહત્વપૂર્ણ લાયન કોરિડોરની ઓળખ કરી છે.**
3) **આજે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનું નાણાંકીય વર્ષ 2025-26નું સુધારેલું અંદાજપત્ર રજૂ કરાશે**
4) **રાજ્યમાં ત્રણ દિવસ બાદ લઘુત્તમ તાપમાનમાં વધારો થવાની હવામાન વિભાગની આગાહી**
5) **આજથી મહિલાઓ માટેની ક્રિકેટ પ્રિમીયર લીગનો પ્રારંભ- વડોદરામાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ અને ગુજરાત જાયન્ટ્સ વચ્ચે મેચ રમાશે**

-----------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# LOCAL ELECTION -1

મહાનગરપાલિકા, નગરપાલિકા, તાલુકા પંચાયતોની 16 ફેબ્રુઆરીનાં રોજ યોજાનારી ચૂંટણી માટેનાં પ્રચાર પડઘમ આજે સાંજે શાંત પડશે. ઉમેદવારો હવે ડોર-ટુ-ડોર પ્રચાર કરશે. 213 બેઠકો બિનહરીફ થઈ છે અને  5084 ઉમેદવારો મેદાનમાં છે.

રાજ્ય ચૂંટણી આયોગની યાદીમાં જણાવ્યા પ્રમાણે,.સ્થાનિક સ્વરાજ્યના ચૂંટણી હેઠળના તમામ એકમો માટે કુલ 7 હજાર 36 ઉમેદવારી પત્રો રજૂ થયેલ હતા તે પૈકી 1 હજાર 261 અમાન્ય તેમજ 5 હજાર 775 ઉમેદવારી પત્રો માન્ય ઠર્યા છે અને 478 ઉમેદવારોએ ઉમેદવારી પત્રો પરત ખેંચ્યાં છે.

જૂનાગઢ મહાનગરપાલિકાના 15 વોર્ડની કુલ 60 બેઠકો પૈકી 8 બેઠક સંપૂર્ણ બિનહરીફ થઈ છે.  66  નગરપાલિકાઓના 461 વોર્ડ પૈકી 24 વોર્ડ સંપૂર્ણ બિનહરીફ થઈ છે. કુલ 1844 બેઠકો પૈકી 167 બેઠકો બિનહરીફ થઈ છે જ્યારે 1677 બેઠકો પર ચૂંટણી યોજાનાર છે આ બેઠકો માટે કુલ 4374 ઉમેદવારો હરિફાઇમાં છે.

અમદાવાદ મહાનગરપાલિકા, ભાવનગર મહાનગરપાલિકાના તથા સુરત મહાનગરપાલિકાની કેટલીક બેઠકો પર પેટા ચૂંટણી માટે કુલ 17 ઉમેદવારો હરીફાઇમાં છે. તાલુકા પંચાયતની પેટા ચૂંટણી હેઠળની 91 બેઠકો પૈકી 12 બેઠકો બિનહરીફ થઈ છે. મધ્યસત્ર ચૂંટણી હેઠળની બોટાદ અને વાંકાનેર નગરપાલિકાઓની કુલ 72 બેઠકો પૈકી 23 બેઠકો બિનહરીફ થઈ છે.

. . . . . . . . . . . . . . .

# LOCAL ELECTION 2

અમારા વલસાડ જિલ્લાના પ્રતિનિધી જણાવે છે કે, વલસાડ, પારડી, ધરમપુર નગરપાલિકાની સામાન્ય ચૂંટણી અને ઉમરગામમાં તાલુકા પંચાયતની કેટલીક બેઠક પર મતદાન યોજાશે. પત્રકાર પરિષદમાં જિલ્લા કલેક્ટર નૈમેશ દવેએ વધુ માહિતી આપી હતી.

(બાઈટ – નૈમેશ દવે, જિલ્લા કલેક્ટર)

અમારા રાજકોટ જિલ્લાના પ્રતિનિધી જણાવે છે કે, રાજકોટ જિલ્લામાં જેતપુર-નવાગઢ નગરપાલિકાના 11 વોર્ડમાં 140 ઉમેદવારો અને કુલ એક લાખ ચાર હજાર મતદારો નોંધાયા છે.

. . . . . . . . . . . . . . .

# Opening ceremony

વન અને પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલે ચોર્યાસી તાલુકાના રાજગરી, દામકા, સુવાલી અને જુનાગામ ખાતે વિવિધ વિકાસકામો લોકાર્પણ કર્યા હતા.

વિકાસકામો હેઠળ રાજગરી ગામ ખાતે 38 લાખના ખર્ચે તૈયાર થયેલા સ્મશાન ગૃહ, સુવાલી અને જુનાગામ ખાતે 25-25 લાખના ખર્ચે નિર્માણ થયેલા અમૃત્ત સરોવરોનું લોકાર્પણ, દામકા ગામ ખાતે 40 લાખના ખર્ચે તૈયાર થયેલા ક્રિકેટ ગ્રાઉન્ડ અને પાંચ લાખ રૂપિયાના ખર્ચે તૈયાર કરાયેલ સોલાર લિફ્ટ ઈરિગેશનનું લોકાર્પણ અને AMNS ઈન્ડિયા કંપની ખાતે સંખી મંડળ સંચાલિત કેન્ટીનનું ઉદ્ઘાટન કરાયું હતું.

. . . . . . . . . . . . .

# GIR RESERVE AREA

ગીર રક્ષિત વિસ્તાર માટેના મેનેજમેન્ટ પ્લાન અનુસાર સરકારે કુલ 21 મહત્વપૂર્ણ કોરિડોરની ઓળખ કરી છે. ગીરમાં લાયન કોરિડોર સંબંધે રાજ્યસભાના સાંસદ પરિમલ નથવાણીએ પૂછેલા પ્રશ્નનો ઉત્તરમાં વન અને પર્યાવરણ વિભાગના રાજ્યકક્ષાના મંત્રી કિર્તી વર્ધન સિંઘે રાજ્યસભામાં આ માહિતી આપી હતી.

શ્રી કિર્તીવર્ધન સિંહનાં જણાવ્યા પ્રમાણે, ગુજરાતમાં ગીર વિસ્તારમાં 'પ્રોજેક્ટ લાયન'નો અમલ કરાઈ રહ્યો છે. આ પ્રોજેક્ટ હેઠળ સંવર્ધન અને ઈકો-ડેવલપમેન્ટને એકીકૃત કરીને ગુજરાતમાં એશિયાટિક સિંહોના સંવર્ધન પર ભાર મૂકાઈ રહ્યો છે. મંત્રાલય પાસે ઉપલબ્ધ માહિતી અનુસાર, ગુજરાત સરકારે રેડિયો કોલરિંગ અને જીઆઈએસ મેપિંગ જેવી આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને લાયન કોરિડોર્સ અંગે સર્વગ્રાહી અભ્યાસો હાથ ધર્યા છે.

. . . . . . . . . . . . . . .

# AMC BUDGET

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં શાસક ભારતીય જનતા પાર્ટી દ્વારા આજે નાણાંકીય વર્ષ 2025-26નું સુધારેલું અંદાજપત્ર રજૂ કરવામાં આવશે. મ્યુનિસિપલ કમિશનર દ્વારા રજૂ કરવામાં આવેલા 14 હજાર કરોડ રૂપિયાનાં ડ્રાફ્ટ બજેટમાં શાસક પક્ષ દ્વારા વધારાના અંદાજે બે હજાર કરોડ રૂપિયાનાં વિકાસ કાર્યો, પ્રોજેક્ટ સહિત સુધારા સાથે રજૂ થનારા અંદાજપત્રનું કદ આશરે 16 હજાર કરોડ રૂપિયા રહેવાની શક્યતા છે.

સુધારેલા અંદાજપત્રમાં શહેરમાં નવા ફ્લાયઓવર, અન્ડરપાસ, ખારીકટ કેનાલ, રિવરફ્રન્ટ સહિતનાં વિકાસકાર્યો માટે બે હજાર કરોડ રૂપિયાની વધારાની જોગવાઈ સથે અંદાજપત્ર રજૂ થાય તેવા અહેવાલો છે.

. . . . . . . . . . . . . . .

# Khel Mahakumbh - Divyag

નર્મદા જિલ્લાની સ્પોર્ટ્સ સંકુલ ખાતે રાજપીપળા "ખેલમહાકુંભ ૩.0" અંતર્ગત દિવ્યાંગ ભાઈ-બહેનો માટે રમત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દિવ્યાંગ ભાઈ-બહેનો દોડ, ભાલા ફેંક, ગોળા ફેંક, ચક્ર ફેંક અને લોંગ જમ્પ જેવી વિવિધ રમતોમાં ભાગ લીધો હતો.

આ પ્રસંગે, દેડિયાપાડા તાલુકાના સાબુટી ગામના વિપુલભાઈ વસાવાએ ગોળા ફેંકમાં પ્રથમ ક્રમ આવતાં પોતાની પ્રતિક્રિયા આ મુજબ આપી.

(બાઇટ -- વિપુલ વસાવા,ખેલાડી)

ખેલમહાકુંભ ૩.0" ગત ૧૨ ફેબ્રુઆરીએ જિલ્લાકક્ષાની OH (શારીરિક ક્ષતિગ્રસ્ત) સ્પર્ધાઓ અને તા. ૧૩મી ફેબ્રુઆરીએ માનસિક ક્ષતિગ્રસ્ત (MR), અંધજન અને શ્રવણ મંદ ભાઈઓ-બહેનો માટેની સ્પર્ધાઓમાં ૧૦૦ ભાઈઓ અને ૮૦ બહેનો મળીને કુલ ૧૮૦ સ્પર્ધકોએ ભાગ લીધો હતો.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

ગોન્ગ મ્યુઝિક

.....................................

# SSIP

ભાવનગરની શાળાના ધોરણ નવના વિદ્યાર્થી વિવેક રાજુભાઈ અને ગોહિલ અક્ષત સિંહે રાષ્ટ્રીય સુરક્ષા માટેનો બનાવેલા પ્રોજેક્ટની રાજ્ય કક્ષાના એસ.એસ.આઈ.પી (SSIP) દ્વારા પસંદગી કરવામાં આવી છે. રાજ્ય સરકાર દ્વારા પ્રોજેક્ટના ડેવલપમેન્ટ માટે 20 હજાર સુધીની ગ્રાન્ટને ફાળવવામાં આવી છે.

એસ.એસ.આઈ.પી (SSIP) અંતર્ગત કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા શાળા અને કોલેજોમાં ઉદ્યમિતાને પ્રોત્સાહન આપવા SSIP 2.0 જાહેર કરવામાં આવે છે. શાળા માધ્યમથી PMU દ્વારા સ્ટાર્ટ-અપ કલ્ચરની શાળા સુધી લઈ જઈ અને નવા ઇનોવેટિવ પ્રોજેક્ટના ઇનોવેશન માટે વિદ્યાર્થીઓ તથા શિક્ષકોને પ્રોત્સાહિત કરવાનો મુખ્ય ઉદેશ્ય છે.

. . . . . . . . . . . . .

# Weather

હવામાન વિભાગે રાજ્યમાં આગામી ત્રણ થી ચાર દિવસ સુધી મહત્તમ તાપમાનમાં આંશિક ફેરફારની આશંકા કરી છે. ઉત્તર અને ઉત્તર પૂર્વ દિશા તરફથી પવનો ગુજરાત તરફ આવી રહ્યા હોવાથી તાપમાનનો પારો સતત વધી રહ્યો છે

રાજ્યમાં આગામી ત્રણ દિવસ બાદ લઘુત્તમ તાપમાનમાં બે થી ત્રણ ડિગ્રી સેલ્સિયસ વધીને એક સપ્તાહ બાદ ૩૫ ડિગ્રી સેલ્સિયસ પહોંચે તેવી શક્યતાઓ છે. અમદાવાદમાં આગામી 24 કલાક દરમિયાન વાતાવરણ શુષ્ક રહેવાની સાથે લઘુત્તમ 17 ડિગ્રી અને મહત્તમ 33 ડિગ્રી સેલ્સિયસની આસપાસ તાપમાન રહેવાની શક્યતાઓ છે.

આ અંગે હવામાન નિયામક એ. કે દાસે જણાવ્યું કે ..

**(બાઇટ – એ.કે. દાસ, હવામાન વિભાગ ડાયરેક્ટર )**

. . . . . . . . . . . . .

# Women's Premier League

આજથી મહિલાઓ માટેની ક્રિકેટ પ્રિમીયર લીગની ત્રીજી સિઝનનો પ્રારંભ થઈ રહ્યો છે. આજે પ્રથમ મેચ વર્તમાન ચેમ્પિયન રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ અને ગુજરાત જાયન્ટ્સ વચ્ચે વડોદરામાં રમાશે. ટુર્નામેન્ટમાં પાંચ ટીમો વચ્ચે કુલ 22 મેચો રમાશે. ફાઇનલ મેચ 15 માર્ચે મુંબઇમાં રમાશે.

પ્રિમીયર લીગની પ્રથમ સીઝનમાં મુંબઇ ઇન્ડિયન્સ અને બીજી સીઝનમાં આરસીબીએ ટ્રોફી જીતી હતી. ઉલ્લેખનીય છે કે અત્યાર સુધીની બે સીઝનમાંથી એક પણ મેચમાં સદી નોંધાઈ નથી.

. . . . . . . . . . . . .

# GCCI TOURISM

ગુજરાત ટુરિઝમ અને ગુજરાત રાજ્ય વેપારી મહામંડળ- GCCIના સંયુક્ત ઉપક્રમે પ્રવાસન ક્ષેત્ર સાથે જોડાયેલા હિસ્સેદારો સાથે "પ્રાદેશિક ચિંતન શિબિર"નું આયોજન કરવામાં આવ્યું હતું.

GCCI ના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ રાજેશ ગાંધીએ જણાવ્યું કે, GCCI ના ટ્રાવેલ એન્ડ ટુરિઝમ ટાસ્ક ફોર્સ દ્વારા રાજ્યમાં પ્રવાસનને પ્રોત્સાહન આપવાના વિવિધ પ્રયાસો કરાયાં છે. તેમણે સમગ્ર વિશ્વમાંથી આવતા પ્રવાસીઓ માટે પસંદગીના સ્થળ તરીકે રાજ્યના વધતા જતા મહત્વનો ઉલ્લેખ કર્યો હતો.

રાજ્યનાં પર્યટન વિભાગના સચિવ રાજેન્દ્ર કુમારે જણાવ્યું કે, પર્યટન ક્ષેત્ર એ બીજા ક્રમનું સૌથી વધુ રોજગાર આપતું ક્ષેત્ર છે અને ગુજરાતમાં તેની પ્રાકૃતિક સુંદરતા, ઐતિહાસિક મહત્વ અને સાંસ્કૃતિક સમૃદ્ધિને કારણે પ્રવાસન ક્ષેત્રે અપાર સંભાવનાઓ છે.

. . . . . . . . . . . . . . .